# ભુખ ભુંડી છે

– જય ગજ્જર

એલસા અને પીટર ન્યુયોર્કના ‘બ્લેક’ લોકોને કારણે મનથી ત્રાસી ગયાં હતાં. ચાર વર્ષમાં એ કાળીયાઓના ખરાબ અનુભવ થયા હતા. જો કે બન્ને માનતાં હતાં કે બધા જ કાળીયા લોકો ખરાબ નથી હોતા; પણ કમનસીબે બધા જ કાળીયાઓના ખરાબ અનુભવ એમને થયા હતા.

આજે એના ‘ક્વીક-માર્ટ’માં એક કાળીયાએ સીગારેટનું પૅકેટ માંગી દશ ડૉલરની નોટ કાઢી. ચાર ડૉલર કાપીને છ ડૉલર પાછા આપવા કેશ રજીસ્ટર ખોલ્યું. ત્યાં તો પેલા કાળીયાએ સામે બંદુક ધરી હુકમ કર્યો : ‘જે રકમ હોય તે મને ચુપચાપ આપી દે નહીંતર.....’ એ વાકય પુરું કરે તે પહેલાં એલસાએ કૅશ-બૉકસનું બધું નાણું એની થેલીમાં ઠાલવી દીધું. કૅશ લઈ સડસડાટ એ ભાગી ગયો. જો કે સવારનો બધો વકરો સદનસીબે, એલસા બપોરે જ બૅન્કમાં મુકી આવી હતી; એટલે માત્ર ચાર હજાર ડૉલર ગયા હતા. પરંતુ આ ઘટનાથી એને ધ્રુજારી છુટી. તે જલદી સ્ટોર બંધ કરી ઘેર ગઈ.

પીટરે પુછ્યું, ‘આજે સ્ટોર વહેલો કેમ બંધ કર્યો ?’

એલસાએ આજના બનાવની વીગતે વાત કરી કહ્યું, ‘હું તને કયારની કહું છું કે આ શહેરમાં રહેવા જેવું નથી. એક દીવસ જીવ જાય એની રાહ જુએ છે ?’

‘પણ જઈશું કયાં ? કાગડા બધે જ કાળા હોય છે. દરીયામાં રહેવું અને મગરથી બીવાનો શો અર્થ ?’

‘ટૉરન્ટો મુવ થઈ જઈએ. એ શહેરમાં ગુનાખોરી નહીંવત જ છે.’

‘સારું, હું ઈન્ટરનેટ પર તપાસ કરું છું. કોઈ સારો ‘ક્વીક-માર્ટ’ સેલમાં હોય તો ખરીદી લઈએ. હું પણ ઓફીસમાં કાળીયાઓનાં વર્તન અને વ્યવહારથી ત્રાસી ગયો છું.’

સદનસીબે યંગ-સ્ટ્રીટ પર એક ‘ક્વીક-માર્ટ’ વેચવાનો હતો. એણે ફોન કરી વીગતો મેળવી. સોદો એને સારો લાગ્યો. બન્ને વચ્ચે કીંમતની બાંધછોડમાં મહીનો નીકળી ગયો. સ્ટોર ખરીદતાં પહેલાં બન્ને એ સ્ટોર જોવા ટૉરન્ટો જવા કારમાં નીકળ્યાં. બોર્ડરના રેઈનબો બ્રીજના કસ્ટમ ઓફીસરે પુછ્યું : ‘કેનેડા કેટલા દીવસ માટે જાઓ છો ?’ કસ્ટમ ઓફીસર તરીકે પણ કાળીયાને જોઈ એલસા પીટર પાસે સરકી ધીમેથી બોલી, ‘મને લાગે છે કે કાળીયાઓથી આપણને છુટકારો નથી મળવાનો.’ એના શબ્દો પર ધ્યાન ન આપતાં પીટરે જવાબ આપ્યો :

‘એક જ દીવસની સફર છે. એક ‘ક્વીક-માર્ટ’નું ડીલ થઈ જાય તો સાંજે પાછાં ફરીશું.’ પાસપોર્ટનો ફોટો અને કારમાં બેઠેલી સ્ત્રીને ઑફીસર ઘડીભર જોઈ રહ્યો. ફ્લેશબૅક થતાં કસ્ટમ ઓફીસરે ધીરે રહીને પુછ્યું, ‘તમારા ન્યુયોર્કના સ્ટોરનું શું કરશો ?’

પીટરે આશ્ચર્ય પામી વીચાર કર્યા વીના સત્ય કહી દીધું : ‘એ વેચી દેવાનો છે. ખોટા વીસ્તારમાં ફસાઈ ગયાં છીએ. પણ તમને કયાંથી ખબર ?’

‘કાલે પહેલો પગાર મળતાં તમારું ઋણ ચુકવવા હું તમારે ત્યાં આવવાનો જ હતો.’

'શેનું ઋણ ?'

'હું કૉમર્સ ગ્રેજ્યુએટ છું. પરંતુ 'બ્લેક' હોવાથી બાર મહીનાથી કોઈ નોકરી મળતી નહોતી. બે બાળકો છે, પત્ની છે. કંઈ આરો નહોતો એટલે કમત સુઝી. ગોરો હોય કે કાળો, માનવી ભુંડો નથી, ભુખ ભુંડી છે. તમારાં મીસીસે કૅશના જે પૈસા મને આપેલા, એમાં સુંઢવાળા હાથીની નાની મુર્તી હતી. મારી પત્નીને ગમી જતાં તેણે તે કીચનમાં મુકી. એના પાંચમા દીવસે તો મને આ નોકરી મળી. કાલે મારી રજા છે. એટલે આજે નકકી કરીને જ નોકરી પર આવ્યો છું કે કાલે તમારો આભાર માનવા આવીશ. આજની આ અણધારી મુલાકાત પણ કદાચ એ પેલી મુર્તીનો પ્રભાવ હશે !'

પાસપોર્ટ પાછા આપતાં એણે પુછ્યું, 'કાલ પાછા ફરશો ને ? સાંજે હું સ્ટોર પર તમારાં મીસીસને મળવા આવવાનો છું.'

પીટરે કંઈ પણ જવાબ આપ્યા વીના જ કાર રીવર્સ લઈ, ન્યુયોર્ક તરફ હંકારી.

–જય ગજ્જર

સર્જક–સમ્પર્કઃ JAY GAJJAR,

41-Palomino Drive, Mississauga, Ontario, CANADA - L4Z 3H6

Email : jaygajjar26@gmail.com Phone : 905-568-8025 Cell : 416-727-2021

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ અગીયારમું – અંકઃ 341 – February 07, 2016

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@

More than 3,19,48,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 54,24,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,19,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 2,54,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@